OFFICE OF FILM
& LITERATURE
CLASSIFICATION
Te Tari Whakarōpū Tukuata, Tuhituhinga

# ન્યૂઝીલૅન્ડમાં સેન્સર વ્યવસ્થા

અમારી સેન્સર વ્યવસ્થા વિશેની માહિતી ગુજરાતીમાં વાંચવા બદલ આભાર. અમને આશા છે કે આ માહિતીમાંથી તમને ન્યૂઝીલૅન્ડમાં સેન્સર વ્યવસ્થા વિશેના તમારા મનમાં ઊઠતા પ્રશ્નોના ઉત્તરો મળી ગયા હશે.

જો તમને ટેલિવિઝન અને રેડિયો સેન્સર વ્યવસ્થા અંગે પ્રશ્નો હોય, તો કૃપા કરીને પ્રસારણ માનાંક પ્રાધિકરણ(બ્રોડકાસ્ટિંગ સ્ટાન્ડર્ડ્સ ઑથોરિટી)ની વેબસાઈટને જોશો - www.bsa.govt.nz.

### ન્યૂઝીલૅન્ડના સેન્સરશિપ કાયદાને *ફિલ્મ, વિડીયો અને પ્રકાશન વર્ગીકરણ અધિનિયમ* 1993 (*THE FILMS, VIDEOS AND PUBLICATIONS CLASSIFICATION ACT 1993*) તરીકે ઓળખવામાં આવે છે

આ કાયદા અનુસાર ઑફિસ ઑફ ફિલ્મ ઍન્ડ લિટરેચર ક્લાસિફિકેશન (ફિલ્મ અને સાહિત્ય વર્ગીકરણ કાર્યાલય)ને ફિલ્મો, ડી.વી.ડી., પુસ્તકો, વિડીયો ગેમ્સ, સામયિકો અને કમ્પ્યૂટર ફાઈલો જેવી સામગ્રીને વર્ગીકૃત કરવાનો અધિકાર મળે છે. ન્યૂઝીલૅન્ડમાં ફિલ્મોને વેચવા, ભાડે આપવા અથવા પ્રદર્શિત કરવા માટે ફિલ્મો પાસે ન્યૂઝીલૅન્ડ વર્ગીકરણનું અધિકૃત લેબલ હોવું જરૂરી છે. એ જ રીતે વય-મર્યાદા ધરાવતી વિડીયો ગેમ્સ ન્યૂઝીલૅન્ડ વર્ગીકરણનું અધિકૃત લેબલ ધરાવતી હોય તો જ તે ન્યૂઝીલૅન્ડમાં વેચાણ, ભાડા પર, અથવા પ્રદર્શન પામી શકે છે.

## સેન્સરશિપ કાયદો કઈ રીતે તમને અને તમારા પરિવારને અસર કરે છે

ન્યૂઝીલૅન્ડમાં સેન્સરશિપ કાયદો નુકસાનકર્તા સામગ્રી સામે તમારા પરિવારનું રક્ષણ કરવામાં મદદરૂપ થાય છે.

### સેન્સરશિપ કાયદા અંગે તમારે શું શું જાણવું જરૂરી છે

- વર્ગીકરણ લેબલ પર દર્શાવેલી વય કરતાં ઓછી વય ધરાવતા લોકોને વય-મર્યાદિત ડી.વી.ડી. કે વિડીયો ગેમ્સ આપવી તે કાયદા વિરુદ્ધ છે.
- વય-મર્યાદા ધરાવતી સામગ્રી પર વય-મર્યાદાનું વર્ગીકરણ લેબલ ન લાગેલું હોય તો પણ એવી વય-મર્યાદિત ડી.વી.ડી., વિડીયો ગેમ્સ, પુસ્તકો, સામયિકો અથવા કમ્પ્યૂટર ફાઈલોને યુવાનો/નાનાં બાળકોને આપવી તે કાયદા વિરુદ્ધ છે.
- 18 વર્ષથી ઓછી વય ધરાવનારા લોકોને સ્પષ્ટપણે લૈંગિકતા કેન્દ્રિત ડી.વી.ડી., પુસ્તકો, સામયિકો અથવા કમ્પ્યૂટર ફાઈલો આપવી તે કાયદા વિરુદ્ધ છે.

કયા પ્રકારની સામગ્રી વય-મર્યાદિત હોઈ શકે તેની જાણકારી મેળવવા માટે નીચેની *વય-મર્યાદિત સામગ્રી* પરની માહિતી વાંચો.

## લાલ રંગના વર્ગીકરણ લેબલો કાનૂની વય-મર્યાદા દર્શાવે છે

વર્ગીકરણ લેબલોના રંગો ટ્રાફિક સિગ્નલ જેવા છેઃ

- લીલો રંગ એટલે કોઈ પણ વ્યક્તિ આ ફિલ્મ જોઈ શકે છે.
- પીળો રંગ એટલે આ ફિલ્મ કોઈ પણ જોઈ શકે છે, પણ કેટલાક દર્શકો માટે આ ફિલ્મ અયોગ્ય હોઈ શકે.
- લાલ એટલે આ ફિલ્મ વય-મર્યાદા ધરાવે છે. લેબલ પર લખેલી વયથી ઓછી વય ધરાવનારા લોકોને તમારે આ ફિલ્મ ન જ બતાવવી જોઈએ.

કોઈ પણ વર્ગીકરણ લેબલ પરની વિવરણ નોંધ તમને જે-તે ફિલ્મની વિષયવસ્તુની માહિતી આપે છે. આ નોંધથી કેટલાક લોકો અસ્વસ્થતા અનુભવે કે તેમની લાગણી દુભાય તેમ બની શકે છે.

## વર્ગીકરણ લેબલો

G (જી) – આ ફિલ્મ દરેક જણના જોવા માટે યોગ્ય છે.

PG (પીજી) – કોઈ પણ વ્યક્તિ આ ફિલ્મ જોઈ શકે છે. જો નાનાં બાળકો આ ફિલ્મ જોઈ રહ્યાં હોય તો કોઈ વડીલ કે જવાબદાર વ્યક્તિ તરફથી માર્ગદર્શન ઇચ્છનીય છે.

M (એમ) – કોઈ પણ વ્યક્તિ આ ફિલ્મ જોઈ શકે છે. 16 વર્ષથી વધુ વય ધરાવતા લોકો માટે આ ફિલ્મ વધુ યોગ્ય છે.

RP13 (આર.પી.13) – 13 વર્ષથી ઓછી વય ધરાવતા લોકોને આ ફિલ્મ બતાવવી ગેરકાનૂની છે, સિવાય કે તેમની સાથે એક પુખ્ત વયનો જવાબદાર વ્યક્તિ હોય.

RP16 (આર.પી.16) – 16 વર્ષથી ઓછી વય ધરાવતા લોકોને આ ફિલ્મ બતાવવી ગેરકાનૂની છે, સિવાય કે તેમની સાથે એક પુખ્ત વયનો જવાબદાર વ્યક્તિ હોય.

R13 (આર13) – 13 વર્ષથી ઓછી વય ધરાવતા લોકોને આ ફિલ્મ બતાવવી ગેરકાનૂની છે.

R15 (આર15) – 15 વર્ષથી ઓછી વય ધરાવતા લોકોને આ ફિલ્મ બતાવવી ગેરકાનૂની છે.

R16 (આર16) – 16 વર્ષથી ઓછી વય ધરાવતા લોકોને આ ફિલ્મ બતાવવી ગેરકાનૂની છે.

R18 (આર18) – 18 વર્ષથી ઓછી વય ધરાવતા લોકોને આ ફિલ્મ બતાવવી ગેરકાનૂની છે.

### ડીવીડી વેચવી

જો તમે ન્યૂઝીલૅન્ડમાં તમારી ડીવીડી વેચવા ઇચ્છતા હો, તો તમારે તમારી ડી.વી.ડી. માટે વર્ગીકરણ લેબલ મેળવવું અનિવાર્ય છે. ન્યૂઝીલૅન્ડમાં વર્ગીકરણ લેબલો ન હોય તેવી ડીવીડીનું વેચાણ કરવા બદલ તમને $3,000 જેટલો દંડ થઈ શકે છે.

## વય-મર્યાદિત અને ગેરકાનૂની સામગ્રી

### વય-મર્યાદા ધરાવતી વિષયવસ્તુ

વય-મર્યાદા લાગુ પડતી હોય તેવી વિષયવસ્તુમાં સમાવિષ્ટ છેઃ

- સેક્સ (લૈંગિક બાબતો)
- ડરામણી (હૉરર)
- ગુનાહિત અને જોખમી વર્તણૂક
- ક્રૂરતા
- હિંસા
- અત્યંત અપમાનજનક ભાષા
- આત્મહત્યા અથવા સ્વ-હાનિ

### ગેરકાનૂની વિષયવસ્તુ

ન્યૂઝીલૅન્ડમાં કેટલીક વિષયવસ્તુઓ હંમેશાં ગેરકાનૂની ગણાય છેઃ

- બાળકો સામેલ હોય તેવી લૈંગિક વિષયવસ્તુ
- લૈંગિક હિંસા અને જુલમને પ્રોત્સાહિત કરતી હોય તેવી વિષયવસ્તુ
- રિબામણી અથવા આત્યંતિક હિંસાને પ્રોત્સાહિત કરતી હોય તેવી વિષયવસ્તુ
- પ્રાણીઓ સામેલ હોય તેવી લૈંગિક વિષયવસ્તુ
- મૃત શરીરો સામેલ હોય તેવી લૈંગિક વિષયવસ્તુ
- મૂત્ર અથવા મળ સામેલ હોય તેવી લૈંગિક વિષયવસ્તુ

ન્યૂઝીલૅન્ડમાં બીજી પણ કેટલીક વિષયવસ્તુઓને ગેરકાનૂની ગણવામાં આવી શકે છે. જેવી કેઃ

- ગુનાહિત વ્યવહાર-વર્તણૂકને પ્રોત્સાહિત કરનારી વિષયવસ્તુ
- હિંસાને પ્રોત્સાહિત કરનારી વિષયવસ્તુ
- બાળકો સાથે લૈંગિક દુર્વ્યવહારને પ્રોત્સાહિત કરનારી વિષયવસ્તુ
- બાળ-નગ્નતાનું શોષણ કરતી વિષયવસ્તુ
- અપમાનજનક વર્તન અને ભેદભાવને પ્રોત્સાહિત કરનારી વિષયવસ્તુ

### ગેરકાનૂની સામગ્રી રાખવી એ એક ગુનો છે

ગેરકાનૂની સામગ્રીને રાખવી, અથવા ઈન્ટરનેટ પરથી ડાઉનલોડ કરવી, અથવા તેનું વિતરણ કરવું તે એક ગુનો છે. ગેરકાનૂની સામગ્રીને રાખવા, અથવા ઈન્ટરનેટ પરથી ડાઉનલોડ કરવા, અથવા વિતરિત કરવા બદલ તમને 10 વર્ષ સુધી કેદ થઈ શકે છે. કયા પ્રકારની વિષયવસ્તુ ગેરકાનૂની છે તેની માહિતી મેળવવા માટે ઉપરની *ગેરકાનૂની વિષયવસ્તુ*ની યાદી વાંચો.

## ન્યૂઝીલૅન્ડમાં સેન્સર વ્યવસ્થા

### ન્યૂઝીલૅન્ડમાં સેન્સર વ્યવસ્થા માટે એક કરતાં વધુ સંસ્થા જવાબદાર છે

### ધ ઑફિસ ઑફ ફિલ્મ ઍન્ડ લિટરેચર ક્લાસિફિકેશન (ફિલ્મ અને સાહિત્ય વર્ગીકરણ કાર્યાલય)

- અમે એક સ્વતંત્ર સરકારી સંસ્થા છીએ.
- ઑફિસ ઑફ ફિલ્મ ઍન્ડ લિટરેચર ક્લાસિફિકેશન (ફિલ્મ અને સાહિત્ય વર્ગીકરણ કાર્યાલય) ના વડા મુખ્ય સેન્સર અધિકારી છે.
- જે સામગ્રીઓને વય-મર્યાદિત અથવા પ્રતિબંધિત કરવાની જરૂર હોઈ શકે તેને અમે વર્ગીકૃત કરીએ છે. જો કશું લૈંગિક (સેક્સ), ડરામણી (હૉરર), ગુનાખોરી, ક્રૂરતા, હિંસા અથવા અપમાનજનક ભાષા જેવી વિષયવસ્તુ ધરાવતું હોય તો તે વય-મર્યાદિત અથવા પ્રતિબંધિત થઈ શકે છે.
- ન્યૂઝીલૅન્ડમાં અમે તમામ વય-મર્યાદા ધરાવતી ફિલ્મો, ડી.વી.ડી. અને વિડીયો ગેમ્સને વર્ગીકૃત કરીએ છીએ.
- અમે પુસ્તકો, સામયિકો, કમ્પ્યૂટર ફાઈલો, અને એવી બીજી ચીજવસ્તુઓને પણ વર્ગીકૃત કરી શકીએ છીએ.

ઑફિસ ઑફ ફિલ્મ ઍન્ડ લિટરેચર ક્લાસિફિકેશન (ફિલ્મ અને સાહિત્ય વર્ગીકરણ કાર્યાલય) જાહેર જનતાના પ્રશ્નો અને ફરિયાદોના ઉત્તર પણ આપે છે. અમે સેન્સરશિપ બાબત અંગે સંશોધન પણ આદરીએ છીએ. અમે સેન્સર વ્યવસ્થા અંગે વિના મૂલ્યે સલાહ, માહિતી અને સાધન સામગ્રી પણ પૂરા પાડીએ છીએ.

કોઈ પણ વ્યક્તિ કોઈ પુસ્તક અથવા સામયિકને વર્ગીકૃત કરવા માટે ઑફિસ ઑફ ફિલ્મ ઍન્ડ લિટરેચર ક્લાસિફિકેશન (ફિલ્મ અને સાહિત્ય વર્ગીકરણ કાર્યાલય)ને કહી શકે છે. કશાકને વર્ગીકૃત કરાવવા અંગે વધુ માહિતી મેળવવા માટે નીચે *ઑફિસ ઑફ ફિલ્મ ઍન્ડ લિટરેચર ક્લાસિફિકેશન (ફિલ્મ અને સાહિત્ય વર્ગીકરણ કાર્યાલય) સંપર્ક* જુઓ.

### The Film and Video Labelling Body (ધ ફિલ્મ ઍન્ડ વિડીયો લેબલિંગ બૉડી)

- વય-મર્યાદિત *ન* હોય તેવી ફિલ્મો, ડીવીડી અને વિડીયો ગેમ્સને વર્ગીકૃત કરે છે.
- તમામ ફિલ્મો અને ડીવીડીને વર્ગીકરણ લેબલો આપે છે.

## ન્યૂઝીલૅન્ડમાં સેન્સર વયવસ્થાને અમલમાં મૂકનાર પોલીસ, સીમાશુલ્ક, અને આંતરિક બાબતોનો વિભાગ

### ડિપાર્ટમેન્ટ ઑફ ઈન્ટરનલ અફેર્સ (આંતરિક બાબતોનો વિભાગ)

ન્યૂઝીલૅન્ડમાં સેન્સરશિપ કાયદાને લાગુ કરતું મુખ્ય સંગઠન છે આંતરિક બાબતોના વિભાગનું સેન્સરશિપ કમ્પ્લાયન્સ યુનિટ (સેન્સરશિપ અનુપાલન એકમ). સેન્સરશિપ કમ્પ્લાયન્સ યુનિટ, ઑફિસ ઑફ ફિલ્મ ઍન્ડ લિટરેચર ક્લાસિફિકેશન (ફિલ્મ અને સાહિત્ય વર્ગીકરણ કાર્યાલય) દ્વારા નિશ્ચિત કરવામાં આવેલાં વર્ગીકરણોનું પાલન કરાવવાનું કામ કરે છે. સેન્સરશિપ કમ્પ્લાયન્સ યુનિટ ક્લાસિફિકેશન એક્ટ (વર્ગીકરણ અધિનિયમ) નો ભંગ કરવા બદલ વ્યક્તિ કે સમૂહ સામે કાયદેસરનાં પગલાં ભરવા સક્ષમ છે.

જો તમને લાગતું હોય કે કોઈ વ્યક્તિ કે સંગઠન કદાચ સેન્સરશિપ કાયદાનો ભંગ કરી રહ્યા છે તો તમે સેન્સરશિપ કમ્પ્લાયન્સ યુનિટનો સંપર્ક કરી શકો છો. સેન્સરશિપ કમ્પ્લાયન્સ યુનિટની સંપર્ક માહિતીઃ

- censorship@dia.govt.nz
- 0800 257 887
- www.dia.govt.nz/Services-Censorship-Compliance-Index

### ધ ન્યૂઝીલૅન્ડ કસ્ટ્મ્સ સર્વિસ (ન્યૂઝીલૅન્ડ સીમાશુલ્ક સેવા)

ન્યૂઝીલૅન્ડ કસ્ટ્મ્સ સર્વિસ (ન્યૂઝીલૅન્ડ સીમાશુલ્ક સેવા) પ્રતિબંધિત સામગ્રીને અન્ય દેશોમાંથી ન્યૂઝીલૅન્ડમાં પ્રવેશતાં અટકાવે છે. આ સીમાશુલ્ક સેવાની સંપર્ક માહિતીઃ

- feedback@customs.govt.nz
- 0800 428 786

### પોલીસ

પોલીસ ન્યૂઝીલૅન્ડની કસ્ટમ સર્વિસ (સીમાશુલ્ક સેવા) અને ડિપાર્ટમેન્ટ ઑફ ઈન્ટરનલ અફેર્સ (આંતરિક બાબતોના વિભાગ) સાથે મળીને ન્યૂઝીલૅન્ડમાં સેન્સરશિપ કાયદાનું પાલન કરાવવા કામ કરે છે. વધુ માહિતી માટે તમારા સ્થાનિક પોલીસ સ્ટેશનનો સંપર્ક કરો.

## ઑફિસ ઑફ ફિલ્મ ઍન્ડ લિટરેચર ક્લાસિફિકેશન (ફિલ્મ અને સાહિત્ય વર્ગીકરણ કાર્યાલય)નો સંપર્ક કરો

ઑફિસ ઑફ ફિલ્મ ઍન્ડ લિટરેચર ક્લાસિફિકેશન (ફિલ્મ અને સાહિત્ય વર્ગીકરણ કાર્યાલય) ન્યૂઝીલૅન્ડમાં સેન્સર વ્યવસ્થા અંગેની ફરિયાદોને પ્રતિભાવ આપે છે અને તેના અંગેના પ્રશ્નોના ઉત્તર વાળે છે. ઑફિસ ઑફ ફિલ્મ ઍન્ડ લિટરેચર ક્લાસિફિકેશન (ફિલ્મ અને સાહિત્ય વર્ગીકરણ કાર્યાલય)ની સંપર્ક માહિતીઃ

- information@censorship.govt.nz
- 0508 236 767